# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-01-2025** **MORNING: 7.45 to 7.55**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

*****************************************************

1. વિશ્વ આર્થિક મંચ-WEF ની 55મી વાર્ષિક બેઠક આજથી સ્વિત્ઝર્લેન્ડના દાઓસમાં શરૂ થશે
2. કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા આજે નવી દિલ્હીમાં અનૌપચારિક ક્ષેત્રમાં કામદારોનાં સુરક્ષા કવરેજ પર નાં આંતરરાષ્ટ્રીય સેમિનારનું ઉદ્ઘાટન કરશે
3. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાટે ઉમેદવારી પત્રો પરત ખેંચવાનો આજે અંતિમ દિવસ
4. પ્રથમ ખો-ખો વિશ્વકપમાં ભારતીય મહિલા અને પુરુષોની ટીમોએ વિશ્વ ચેમ્પિયન તરીકેનો ખિતાબ મેળવ્યો
5. ડોનાલ્ડ ટ્રમ્પ આજે અમેરિકાના 47મા પ્રમુખ તરીકે શપથગ્રહણકરશે

..........................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# WEF

વિશ્વ આર્થિક મંચ-WEF ની 55મી વાર્ષિક બેઠક આજથી સ્વિત્ઝર્લૅન્ડના દાઓસમાં શરૂ થશે. પાંચ દિવસની આ બેઠકમાં સમાવેશી વૃધ્ધિ અને ડિજિટલ ક્રાંતિનાં ભારતનાં મોડેલને રજૂ કરાશે.

ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ, જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ, નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુ, ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાન અને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા રાજ્ય મંત્રી જયંત ચૌધરી કરશે.

# DR. MANSUKH MANDAVIYA SEMINAR

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયા આજે નવી દિલ્હીમાં અનૌપચારિક ક્ષેત્રમાં કામદારો માટે ઔપચારિકતા અને સામાજિક સુરક્ષા કવરેજ પર બે દિવસના આંતરરાષ્ટ્રીય સેમિનારનું ઉદ્ઘાટન કરશે. સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય અનૌપચારિક કામદારોને સામાજિક સુરક્ષા આપવા હિસ્સેદારોની ક્ષમતા વધારવાનો છે. સેમિનારમાં એશિયા પ્રશાંત વિસ્તારનાં દેશનાં નીતિ ઘડવૈયાઓ, સામાજિક સલામતી વહીવટકર્તાઓ અને સામાજિક સલામતી સંગઠનો સહિતનાં વિવિધ હિતધારકો ભાગ લેશે.

# MAHA KUMBH YOGI

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આગામી પ્રજાસત્તાક દિવસના તહેવાર તેમજ મૌની અમાવસ્યા અને વસંત પંચમીના અમૃત સ્નાનને ધ્યાનમાં રાખીને મહાકુંભ મેળા વિસ્તારમાં ભીડ વ્યવસ્થાપન અને સંદેશાવ્યવહાર પ્રણાલી સુધારવા અધિકારીઓને નિર્દેશ આપ્યો છે. તેમણે 29 જાન્યુઆરી અને આવતા મહિનાની 3 તારીખે અમૃત સ્નાન દરમિયાન મજબૂત સુરક્ષા વ્યવસ્થા પર ભાર મૂક્યો છે.

# SAIF ALI KHAN

મુંબઈની એક અદાલતે અભિનેતા સૈફ અલી ખાન પર હુમલો કરવાના કેસમાં આરોપી બાંગ્લાદેશી નાગરિક શરીફુલ ઇસ્લામ શહેઝાદને પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલ્યો છે. શહેઝાદ પર ગુરુવારે અભિનેતા સૈફ અલી ખાન પર હુમલો કરીને તેમણે ઇજાગ્રસ્ત કરવાનો આરોપ છે.

ગઈકાલે વહેલી સવારે મુંબઈ પોલીસે થાણેના લેબર કેમ્પ વિસ્તારમાંથી આરોપીની ધરપકડ કરી હતી, જ્યાં તે એક બાર અને રેસ્ટોરાંમાં કામ કરતો હતો.

# DELHI---ELECTION

દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્રો પરત ખેંચવાનો અંતિમ દિવસ છે. 70 બેઠક માટે 719 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

સૌથી વધુ 23 ઉમેદવારો નવી દિલ્હી વિધાનસભા મતવિસ્તારમાં છે, જ્યારે સૌથી ઓછા પાંચ ઉમેદવારો પટેલ નગર અને કસ્તુરબા નગર બેઠકો પર છે.

મુખ્ય ચૂંટણી અધિકારીના જણાવ્યા મુજબ, 1 હજાર 522 ઉમેદવારીપત્રોમાંથી 477 ઉમેદવારીપત્રો રદ કરાયા છે. દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે મતદાન આગામી મહિનાની 5મી તારીખે યોજાશે અને ગણતરી 8 ફેબ્રુઆરીએ થશે.

## DELHI-AAP-BJP

દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે દિલ્હી સરકારના કર્મચારીઓને નિવૃત્તિ બાદ મકાનો બનાવવા માટે કેન્દ્ર સરકાર પાસેથી સબસિડીવાળા દરે જમીન ફાળવવાની માંગણી કરી છે. નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા, શ્રી કેજરીવાલે કહ્યું કે, તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખીને જમીનની માંગણી કરી છે જેથી દિલ્હી સરકાર આ જમીન પર મકાનો બનાવી શકે.

# POST - 75 YEAR CONSTITUTION

ટપાલ વિભાગે ભારતીય બંધારણ અપનાવવાના 75 વર્ષની ઉજવણી પ્રસંગે આજે નવી દિલ્હીમાં ત્રણ દિવસનાં કાર્યક્રમનું આયોજન કર્યું છે. નેશનલ ફિલાટેલિક મ્યુઝીયમમાં યોજાનાર કાર્યક્રમમાં પ્રદર્શન, ક્વિઝ, સ્ટેમ્પ સફારી અને પત્ર લેખન સ્પર્ધાનું આયોજન કરાયું છે.

# J&K-SEARCH OPERATION

જમ્મુ કાશ્મીરમાં સલામતી દળોએ ઉત્તર કાશ્મીરનાં બારામુલ્લા જિલ્લામાં સોપોરના ઝાલોરા વિસ્તારમાં ગઈકાલે ઘેરાબંદી અને શોધ અભિયાન હાથ ધર્યું હતું. પોલિસ પ્રવક્તાએ જણાવ્યું કે, સલામતી દળોની સંયુક્ત ટુકડીએ ત્રાસવાદીઓનું આશ્રયસ્થળ શોધી કાઢતા સામ સામે ગોળીબાર થયો હતો.

આ વિસ્તારની ઘેરાબંદી કરી લેવામાં આવી છે અને હજુ સુધી જાનહાનિના કોઈ અહેવાલ નથી.

દરમિયાન, જમ્મુ કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ જણાવ્યું કે, રાજૌરી જિલ્લાના બધાલ ગામમાં છેલ્લાં 45 દિવસમાં 17 લોકોનાં રહસ્યમય મૃત્યુનું કારણ જાણવાનાં પ્રયત્નો ચાલુ છે. તેમણે જણાવ્યું, આરોગ્ય સહિતનાં વિભાગે આ ઘટનામાં તપાસ હાથ ધરી હતી પણ ચોક્કસ હકીકત જાણી શકાઇ નથી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . .

# KHO KHO WORLD CUP

ખો-ખો વિશ્વકપની પ્રથમ જ આવૃત્તિમાં ભારતીય મહિલા અને પુરુષની ટીમે વિશ્વ ચેમ્પિયન તરીકેનો ખિતાબ મેળવ્યો છે. ગઈકાલે નવી દિલ્હીનાં ઇન્દિરા ગાંધી સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઇનલ મેચમાં ભારતની મહિલા ટીમે નેપાળ સામે 78-40 અને ભારતની પુરુષોની ટીમે નેપાળ સામે 54-36થી વિજય મેળવ્યો હતો.

મેચ બાદ ભારતીય મહિલા ટીમના કોચ સુમિત ભાટીયાએ પ્રતિક્રિયા આપી હતી

## (BYTE- SUMIT BHATIA)

ઉલ્લેખનીય છે કે, મહિલા ટીમમાં સામેલ ગુજરાતના ડાંગ જિલ્લાની દીકરી ઓપિના ભીલારે આ વિજયમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

આ ભવ્ય વિજય બદલ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય મહિલા અને પુરુષ ટીમને અભિનંદન પાઠવ્યા છે.

# HI LEAGUE

મહિલા હોકી ઇન્ડિયા લીગમાં ઓડિશા વોરિયરે ગઈકાલે રાઉરકેલામાં બિરસા મુંડા હોકી સ્ટેડિયમ ખાતે શ્રાચી રાઢ઼ બેંગાલ ટાઇગર્સને 3-1થી પરાજય આપ્યો હતો. આ સાથે ઓડિશા વોરિયર પોઇન્ટ ટેબલમાં પ્રથમ ક્રમે છે.

પુરુષોની હોકી ઇન્ડિયા લીગમાં વેદાંત કલિંગા લાન્સર્સે દિલ્હી એસજી પાઇપર્સને હરાવીને સ્પર્ધામાં પુનરાગમન કર્યું છે.

# TRUMP AUTH

ડોનાલ્ડ ટ્રમ્પ આજે અમેરિકાના 47મા રાષ્ટ્રપ્રમુખ તરીકે શપથ લેશે. વોશિંગ્ટન ડીસીમાં મુખ્ય ન્યાયમૂર્તિ જોન રોબર્ટ્સની ઉપસ્થિતિમાં શપથ ગ્રહણ સમારોહ યોજાશે. આ સમારોહ ભારતીય સમય મુજબ રાત્રે સાડા આઠ  વાગ્યે શરૂ થશે. સત્તા હસ્તાંતરણના ભાગ રૂપે શ્રી ટ્રમ્પ તેમનું ઉદ્ઘાટન ભાષણ આપશે. જેડી વાન્સ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ ગ્રહણ કરશે. આ પહેલા તેમણે ગઇકાલે વોશિંગ્ટન ડીસીમાં સમર્થકોને સંબોધિત કર્યા હતા.વિદેશમંત્રી  એસ જયશંકર સમારોહમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.આ સમારોહમાં વિવિધ દેશોના નેતાઓ ઉપસ્થિત રહેશે.

# ISRAEL HAMAS

ઇઝરાયેલે જણાવ્યું છે કે, ગાઝામાં હમાસ દ્વારા 15 મહિનાથી બંધક બનાવવામાં આવેલા ત્રણ બંધકો ઇઝરાયલનાં પ્રદેશમાં પાછા ફર્યા છે. ઇઝરાયલ ડિફેન્સ ફોર્સિસ (IDF) દ્વારા બહાર પાડવામાં આવેલા ફૂટેજ દર્શાવે છે કે, ઇઝરાયલમાં રેડ ક્રોસ દ્વારા ત્રણ બંધકોને સોંપવામાં આવ્યા હતા.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનીલ પટેલ

- અમેરિકાના પ્રમુખપદે ડોનાલ્ડ ટ્રમ્પનાં શપથ અંગેનાં સમાચારને મોટા ભાગનાં અખબારોએ હેડલાઇનમાં સ્થાન આપ્યું છે. નવગુજરાત સમયની હેડલાઇન છે- આજે ટ્રમ્પની શપથવિધિની સાથે અમેરિકામાં ફરી ડોન રાજ શરૂ થશે. સંદેશે આ સમાચારને હેડલાઇનમાં લઇને લખ્યું છે કે, ભારત વતી કેન્દ્રીય વિદેશ મંત્રી એસ જયશંકર હાજરી આપશે.
- ગુજરાત સમાચારની હેડલાઇન છે- ટ્રમ્પના શપથ પહેલાં સમર્થન-વિરોધમાં હજારો લોકો રસ્તા પર
- મહાકુંભમાં લાગેલી આગનાં સમાચારને પણ તમામ દૈનિકોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- અભિનેતા સૈફ અલી ખાન પર હૂમલો કરનાર આરોપીની ધરપકડ- આ સમાચાર પણ તમામ દૈનિકોનાં પ્રથમ પાને છે.
- આ ઉપરાંત, ભારત સંઘ સાથે લડાઈ મુદ્દે રાહુલ સામે એફઆઇઆર, અમેરિકામાં ટિકટોક બંધ, ઇઝરાયેલ-હમાસ યુધ્ધવિરામ અમલી જેવા સમાચારો પહેલા પાને છે.

સ્થાનિક સમાચારો પર નજર કરીએઃ

- સંદેશનાં સમાચાર પ્રમાણે 2024માં પ્રોપર્ટીનાં દસ્તાવેજોની એક ટકા રજીસ્ટ્રેશન ફીની 653 કરોડ રૂપિયા આવક
- દિવ્ય ભાસ્કરનાં અહેવાલ પ્રમાણે અસારવાથી ઉદયપુર વચ્ચે નવી વંદેભારત ટ્રેન શરૂ કરાશે